ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

૩૧ ઑગસ્ટની સમયમર્યાદા વચ્ચે શિક્ષકો માટે ઓનલાઈન પ્રક્રિયા પડકારરૂપ બની

આણંદની ૯૦૦થી વધુ શાળાઓની ગુણોત્સવની કામગીરી ટલ્લે ચઢી

ત્રિમાસિક કસોટી સાથે ગુણોત્સવની કામગીરીનો વધારાનો બોજ : ૭૦થી વધુ દસ્તાવેજો-માહિતી અપલોડ કરવાની કામગીરીથી શિક્ષકો પર વહીવટી ભાર

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૩

આણંદ જિલ્લામાં ૯૦૦ કરતા વધુ સરકારી પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવની કામગીરી અંતર્ગત સ્વ-મૂલ્યાંકનની ઓનલાઈન પ્રક્રિયા હાલ ચાલી રહી છે. જોકે ગુણોત્સવ માટેનું વેબ પોર્ટલ વારંવાર ડાઉન રહેતું હોવા તેમજ ધીમું ચાલતું હોવાના કારણે શાળાના આચાર્યો અને શિક્ષકોની મુશ્કેલીમાં વધારો થયો હોવાનું જાણવા મળે છે.

એક તરફ ગુણોત્સવની કામગીરી ૩૧ ઑગસ્ટ સુધીમાં પૂર્ણ કરવાની સમયમર્યાદા છે, ત્યારે બીજી તરફ પોર્ટલની ટેકનિકલ સમસ્યાઓના કારણે કામગીરી સમયસર પૂર્ણ કરવી પડકારરૂપ બની રહી છે. ચાલુ શૈક્ષણિક સત્રમાં શાળાઓમાં એકસાથે વિવિધ કામગીરી ચાલી રહી છે. હાલમાં એક તરફ ત્રિમાસિક કસોટીની કામગીરી ચાલી રહી છે તો બીજી તરફ ગુણોત્સવનું સ્વ-મૂલ્યાંકન કરવાનું હોવાથી શિક્ષકો પર વધારાનો વહીવટી બોજ આવ્યો છે. ગુણોત્સવની ઓનલાઈન પ્રક્રિયા અગાઉની સરખામણીએ લાંબી અને વધુ સમય માંગી લેતી બની હોવાનું શિક્ષકો જણાવી રહ્યા છે.

ખાસ કરીને આ વખતે ફોર્મેટમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાથી શાળાને લગતા વિવિધ ફોટા, દસ્તાવેજો, પત્રકો સહિત ૭૦થી વધુ માહિતી કે ફાઈલો ઓનલાઈન અપલોડ કરવાની કામગીરી કરવી પડી રહી છે. પોર્ટલ ધીમું ચાલે અથવા અચાનક બંધ થઈ જાય ત્યારે અપલોડની પ્રક્રિયા અધૂરી રહી જતી હોવાના કારણે શિક્ષકોને કેટલીક કામગીરી ફરીથી કરવી પડે છે. પરિણામે એક જ કામગીરી પાછળ અપેક્ષા કરતાં વધુ સમય ખર્ચાઈ રહ્યો છે.

મર્યાદિત સમયગાળામાં સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવાની હોવાથી પોર્ટલ સતત ઝડપી અને સરળતાથી કાર્ય કરે તે જરૂરી હોવાનું શિક્ષકોએ જણાવ્યું છે. હાલ ગુણોત્સવનું પોર્ટલ શાળાઓ માટે મુશ્કેલીનું કારણ બન્યું છે ત્યારે સંબંધિત તંત્ર દ્વારા ટેકનિકલ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે અને શિક્ષકોને કામગીરી પૂર્ણ કરવા માટે જરૂરી સહયોગ આપવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. શિક્ષકોના જણાવ્યા મુજબ, ઓનલાઈન પ્રક્રિયાની મુશ્કેલીના કારણે બાળકોના શિક્ષણ પર પ્રતિકૂળ અસર ન થાય તે માટે તંત્ર દ્વારા સમયસર પગલાં લેવાની જરૂરિયાત છે.

શિક્ષકોની મુખ્ય માંગણીઓ

- ગુણોત્સવનું પોર્ટલ સતત અને ઝડપી બનાવવામાં આવે.
- ટેકનિકલ ખામીઓનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવે.
- વારંવાર ડાઉન થતી કામગીરીને કારણે થયેલા વિલંબને ધ્યાનમાં લેવામાં આવે.
- જરૂરી હોય તો ૩૧ ઑગસ્ટની સમયમર્યાદામાં યોગ્ય રાહત આપવામાં આવે.
- ઓનલાઈન કામગીરીનો વહીવટી બોજ ઘટાડી શિક્ષકોને શૈક્ષણિક કાર્ય માટે વધુ સમય મળે તે સુનિશ્ચિત કરવામાં આવે.

શૈક્ષણિક કાર્ય માટે સમય ઘટવાની ચિંતા

ગુણોત્સવનો મુખ્ય હેતુ શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો લાવવાનો છે, પરંતુ તેની ઓનલાઈન પ્રક્રિયામાં જ શિક્ષકોનો મોટો સમય ખર્ચાઈ રહ્યો હોવાથી વર્ગખંડમાં બાળકોને નિયમિત શિક્ષણ આપવા માટે પૂરતો સમય ફાળવવામાં મુશ્કેલી સર્જાઈ રહી છે. અંતિમ દિવસો નજીક આવતાં કામગીરીનો બોજ વધુ વધી શકે તેવી પણ આશંકા વ્યક્ત થઈ રહી છે.

ઉમરેઠ સંતરામ મંદિરના નવા મહંત તરીકે પૂ. નિર્ગુણદાસજી મહારાજની ચાદરવિધિ

ઉમરેઠ: બ્રહ્મલીન મહંત ગણેશદાસજી મહારાજને ભક્તિભાવપૂર્વક સમાધિ અપાઈ

'જય મહારાજ'ના નાદ સાથે ઉમરેઠમાં નીકળી પાલખી યાત્રા

પ્રતિનિધિ ઉમરેઠ તા.૨૩

ઉમરેઠના શ્રી સંતરામ મંદિરના પંચમ મહંત પરમ પૂજ્ય શ્રી ગણેશદાસજી મહારાજ બ્રહ્મલીન થતાં સમગ્ર ઉમરેઠ શહેર સહિત ચરોતર પંથકમાં શોકની લાગણી પ્રસરી હતી. ૨૨ ઓગસ્ટના રોજ બ્રહ્મલીન થયેલા પૂ. ગણેશદાસજી મહારાજના અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. તેઓ વર્ષ ૧૯૮૬થી ૨૦૨૬ સુધી સંતરામ મંદિરની ગાદી પર બિરાજમાન રહી ધાર્મિક, આધ્યાત્મિક તેમજ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં મહત્વનું યોગદાન આપતા રહ્યા હતા.

શ્રી સંતરામ મંદિર ઉમરેઠ ખાતે સંતો-મહંતો, આગેવાનો, ભક્તો અને શહેરીજનોની ઉપસ્થિતિમાં પરમ પૂજ્ય શ્રી નિર્ગુણદાસજી મહારાજની શ્રી સંતરામ મંદિર, ઉમરેઠના મહંત તરીકે ચાદરવિધિ કરવામાં આવી હતી. ચાદરવિધિ બાદ ભક્તિમય વાતાવરણ વચ્ચે બ્રહ્મલીન પૂ. ગણેશદાસજી મહારાજની પાલખી મંદિરેથી નીકળી હતી. 'જય મહારાજ'ના ગગનભેદી જયઘોષ સાથે નીકળેલી પાલખી યાત્રામાં સંતો-મહંતો ઉપરાંત જિલ્લા અને રાજ્યભરમાંથી આવેલા ભક્તો તેમજ ઉમરેઠ શહેરના મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. પાલખી યાત્રા શહેરના વારાહી દરવાજા તરફથી પરત શ્રી સંતરામ મંદિર ખાતે પહોંચી હતી. ત્યારબાદ ધાર્મિક વિધિ-વિધાન સાથે બ્રહ્મલીન પૂ. ગણેશદાસજી મહારાજને મંદિર પરિસરમાં સમાધિ આપવામાં આવી હતી. પૂ. ગણેશદાસજી મહારાજે ઉમરેઠમાં ધાર્મિક જાગૃતિ સાથે પદયાત્રી સેવા ટ્રસ્ટ, સંતરામ ગૌશાળા, સંતરામ છાત્રાલય તથા બી.ડી. પટેલ જનરલ હોસ્પિટલ સહિતની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને માર્ગદર્શન આપ્યું હતું.

સંતરામ પરંપરાની આધ્યાત્મિક ગાદી હવે પૂ. નિર્ગુણદાસજી મહારાજના માર્ગદર્શન હેઠળ આગળ વધશે .ઉમરેઠના સંતરામ મંદિર સાથે જોડાયેલી ધાર્મિક અને સેવાકીય પરંપરા અવિરત ચાલુ રહે તેવી ભાવના સાથે સમગ્ર પંથકે બ્રહ્મલીન પૂ. ગણેશદાસજી મહારાજને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સોજિત્રા તાલુકાના પીપળાવ ગામે તસ્કરોનો હાથફેરો

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૩

સોજીત્રા તાલુકાના પીપળાવના ૭૦ વર્ષીય બાબુભાઈ કાળીદાસ વણકર પોતાની પરિણીત ભત્રીજી દક્ષાબેન (જેઓ નડિયાદ હોસ્પિટલમાં ફરજ બજાવે છે) અને તેની ૧૨ વર્ષીય દીકરી સાથે રહે છે. તા.30-07-2026 ના રાત્રે પરિવાર ઊંઘી ગયા બાદ અજાણ્યા તસ્કરો મકાનના પ્રથમ માળે આવેલી અગાસીના દરવાજાનો નકૂચો તોડી અંદર પ્રવેશ્યા હતા અને રૂમમાં મૂકેલી તિજોરીનું હેન્ડલ તોડી લોકરની ચાવી વડે તિજોરી ખોલી નાખી હતી. તસ્કરો સોનાની બે ચેઇન સોનાની ત્રણ જોડી બુટ્ટી, ત્રણ વીંટી તેમજ ચાંદીના છડા, પાટલા, ઝૂડો અને આંકડો મળી કુલ સોના-ચાંદીના દાગીના કુલ રૂ.૨,૬૧,૨૬૦ ની મત્તા ચોરી ફરાર થઈ ગયા હતા. બાબુભાઈએ સોજીત્રા પોલીસ મથકે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધાવી છે.

કૂપન જનરેટ થયા બાદ પણ જથ્થો કપાતો નથી, બિલની પ્રિન્ટ ન નીકળતાં હાલાકી

બોરસદમાં દિનદયાળ ગ્રાહક ભંડાર-રેશનકાર્ડધારકો વચ્ચે ઘર્ષણની સ્થિતિ

સી.બી.ડી.સી. સિસ્ટમમાં ધાંધિયાથી અનાજ વિતરણ અટવાયું

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૩

બોરસદ તાલુકામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારની સસ્તા અનાજની દુકાનોમાં સી.બી.ડી.સી. સિસ્ટમમાં સર્જાયેલી ટેકનિકલ ખામીએ રેશનકાર્ડ ધારકો તેમજ દુકાન સંચાલકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. રેશનકાર્ડ ધારકો અનાજ મેળવવા માટે દુકાને પહોંચે ત્યારે સિસ્ટમમાંથી કૂપન જનરેટ થઈ જાય છે, પરંતુ સર્વર કે સોફ્ટવેરની ખામીના કારણે લાભાર્થીના ખાતામાંથી અનાજનો જથ્થો ઓનલાઈન કપાતો નથી. પરિણામે બિલની પ્રિન્ટ પણ નીકળતી ન હોવાથી અનાજનું વિતરણ અટવાઈ જાય છે.

બોરસદ તાલુકાના મોટાભાગના ગામોમાં સસ્તા અનાજની દુકાનો પર રેશનકાર્ડ ધારકો દૂરના વિસ્તારોમાંથી પણ અનાજ લેવા માટે પહોંચે છે. સમય અને નાણાં ખર્ચીને દુકાને પહોંચ્યા બાદ સિસ્ટમની ખામીના કારણે અનાજનો જથ્થો ન મળતાં લાભાર્થીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. એક તરફ કૂપન સી.બી.ડી.સી. સિસ્ટમમાંથી નીકળી ગઈ છે, પરંતુ બીજી તરફ જથ્થો કપાતો નથી અને જથ્થાની પ્રિન્ટ પણ નીકળતી નથી. જેના કારણે ગ્રાહક અને દુકાન સંચાલક વચ્ચે ઘર્ષણ થાય તેવી સ્થિતિ ઊભી થવાની સંભાવના વધી છે.

હાલ શ્રાવણ માસ દરમિયાન વિવિધ તહેવારોની સિઝન ચાલી રહી છે. આવા સમયે ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે સરકારી વાજબી ભાવનું અનાજ સમયસર મળવું જરૂરી છે. પરંતુ સી.બી.ડી.સી. સિસ્ટમની ખામીને કારણે લાભાર્થીઓને અનાજ મેળવવા માટે ધક્કા ખાવાની નોબત આવી છે.

સી.બી.ડી.સી. સિસ્ટમમાં સર્જાયેલી ટેકનિકલ ખામીનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવે અને અગાઉ જનરેટ થયેલી પરંતુ જથ્થો કપાયા વિના અટવાયેલી કૂપનનું બિલ જનરેટ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ વ્યક્ત કરવામાં આવી છે.

સામરખાના ઓવરબ્રિજ પાસે SMCની મોટી તવાઈ

નાસિકથી ટ્રકમાં લવાતો ૧૯.૬૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૩

આણંદ-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે નજીક સામરખા સીમમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ગાંધીનગરની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી નાસિક તરફથી આવતા એક ટ્રકમાંથી 34.69 લાખના વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે.

SMC ની ફરિયાદ મુજબ, અશોક લેલેન્ડ ટ્રક (GJ-03-AT-4818) માં દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી મળતા અપ્પુ વે-બ્રિજ આગળ નાકાબંધી કરવામાં આવી હતી. જે દરમિયાન બાતમી વર્ણન વાળો ટ્રક ભાલેજથી આણંદ તરફ આવતા તલાશી લેવામાં આવી હતી.જેમા પાછળ કાળી તાડપત્રી નીચે સંતાડેલી અલગ અલગ બ્રાંડની વિદેશી દારૂની કુલ ૭,૧૮૭ નંગ સીલબંધ બોટલો (કિંમત ૧૯,૬૩,૧૫૧) મળી આવી હતી. સ્થળ પરથી પોલીસે ટ્રક ચાલક નારણ ઉર્ફે અતુલ ઘુસાભાઈ ચૌહાણ (રહે. કાનપુર, તા.સાયલા, જી.સુરેન્દ્રનગર) ની ધરપકડ કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં ડ્રાઈવરે કબૂલાત કરી હતી કે સુરેન્દ્રનગરના ભાવેશ માતાસુરીયાએ ૨૫,૦૦૦ ના ભાડાની લાલચ આપી નાસિકના ડીંડોરી પાસે એચપી પેટ્રોલ પંપ પરથી આ ટ્રક મેળવી તેમાં દારૂ ભરાવી ગુજરાત મોકલ્યો હતો. પોલીસે ૧૫ લાખની કિંમતનો ટ્રક, મોબાઈલ અને રોકડ રકમ સહિત કુલ રૂ.૩૪,૬૯,૬૨૧ નો મુદ્દામાલ કબ્જે કરી આણંદ રૂરલ પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

નડિયાદમાં સરકારી આવાસમાં ધમધમતા ગેરકાયદે કતલખાના પર પોલીસનો દરોડો

મકાન ફાળવણી કુરેશી મહમદ મુનાફના નામે હતી અને કતલખાનું મહમદ ઇશાક ચલાવતો હતો જે પોલીસને જોતા જ ફરાર થઈ ગયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૩

નડિયાદમાં સરકારી આવાસ યોજનાના મકાનમાંથી ગેરકાયદે ચાલતું કતલખાનું ઝડપાયું છે. ટાઉન પોલીસે બાતમીના આધારે દરોડો પાડી 400 કિલોથી વધુ ગૌમાંસ અને કતલ માટેના સાધનો જપ્ત કર્યા છે. પોલીસને જોઈને મુખ્ય આરોપી ઘટનાસ્થળેથી નાસી છૂટવામાં સફળ રહ્યો છે.

નડિયાદ શહેરના મરીડા ભાગોળ વિસ્તારમાં આવેલા રામ ફળિયામાં કેટલાક તત્વો દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી હોવાની બાતમી ટાઉન પોલીસને મળી હતી. આ ચોક્કસ માહિતીના આધારે પોલીસે સરકારી આવાસ યોજનાના એક મકાનમાં અચાનક દરોડો પાડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખૂલ્યું હતું કે આ મકાન કુરેશી મહમદ મુનાફના નામે ફાળવવામાં આવ્યું છે પરંતુ તેમાં મહમદ ઈશાક ફકીર દ્વારા ખુલ્લેઆમ ગેરકાયદેસર કતલખાનું ચલાવવામાં આવતું હતું. પોલીસે મકાનના તમામ રૂમ અને બાથરૂમમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું જ્યાંથી મોટા પ્રમાણમાં માંસનો જથ્થો અને કતલ માટેના સાધનો મળી આવ્યા હતા. દરોડા દરમિયાન પોલીસને સ્થળ પરથી 400 કિલોથી પણ વધુ ગૌમાંસનો જથ્થો તેમજ કાપેલા અંગો મળી આવ્યા હતા. આ ઉપરાંત ગૌવંશની કતલ કરવા માટે ઉપયોગમાં લેવાતા અતિ ધારદાર શસ્ત્રો અને અન્ય સાધન સામગ્રી પણ કબજે કરવામાં આવી છે. જોકે પોલીસની ટીમ ત્રાટકી તે જ સમયે કતલખાનું ચલાવતો મહંમદ ઈશાક ફકીર મહમદ શેખ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ટાઉન પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરીને તેને પકડવા માટે અલગ અલગ દિશામાં ટીમો દોડાવી છે. આ સમગ્ર ઘટના બાદ સ્થાનિક હિન્દુ સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને કડક કાર્યવાહીની માંગ ઉઠી છે.

હિન્દુ ધર્મ સેનાના પ્રમુખ રાજન ત્રિપાઠીના જણાવ્યા મુજબ સરકારી આવાસ યોજનામાં મળેલા મકાનોમાં અવારનવાર ગૌવંશની કતલ કરવામાં આવે છે જે અત્યંત ગંભીર બાબત છે. આવા તત્વો પાસેથી સરકારી મકાનો પાછા ખેંચી લેવા જોઈએ અને આ ગોરખધંધા કાયમી ધોરણે બંધ કરાવવા જોઈએ. નડિયાદમાં અગાઉ ગત 17 ફેબ્રુઆરી 2026 ના રોજ પણ પાંચ હાટડી વિસ્તારમાંથી 360 કિલો ગૌમાંસ અને 38000 નો મુદ્દામાલ ઝડપાયો હતો. તે સમયે પણ પોલીસે 5 શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી ત્યારે ફરી એકવાર આવી ઘટના સામે આવતા પોલીસની કામગીરી અને પેટ્રોલિંગ વ્યવસ્થા પર અનેક સવાલો ઉભા થયા છે.

પેટલાદ સ્થિત જુગારધામ પર એલસીબીનો સપાટો

૧૨ જુગારીઓ ૨૬,૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૩

આણંદ એલસીબી પોલીસે પેટલાદ શહેરના કલાલ પીપળ ઓઝાવાડ આગળ ખુલ્લી જગ્યામાં જાહેરમાં પાના-પત્તાનો હારજીતનો જુગાર રમતા ૧૨ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

એલસીબી પોલીસ સ્ટાફ બોરસદ-પેટલાદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો .તે દરમિયાન મળેલી ચોકકસ બાતમીના આધારે પોલીસે પેટલાદ કલાલ પીપળ ઓઝાવાડ આગળ ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારખાના પર ઓચિંતો દરોડો પાડયો હતો. જેમા જુગાર રમતા 12 શખ્સોને કોર્ડન કરી લેવાયા હતા. સ્થળ પરથી ફરીદઉદ્દીન શેખ, ઈદ્રીશ શેખ, અહેમદહુસૈન શેખ, મોસીનુદ્દીન મલેક, મોહમંદઅનીશ સૈયદ, જૈમીન પટેલ (ભુરાકુઈ), શૈલેશ રાવત (વિરસદ), જેનુલમીયા શેખ (મોરજ), અબુબક્કર કાઝી, વિજય પટેલ (કરમસદ), હબીબખાન પઠાણ અને શમશુદ્દીન શેખ મળી કુલ ૧૨ જુગારીઓને પકડી પાડવામાં આવ્યા હતા.

પોલીસે જુગારીઓની અંગઝડતીમાંથી રોકડા ૨૩,૧૦૦, દાવ પરથી ૩,૬૦૦, ૫૨ પત્તા અને એક ચાદર મળી કુલ ૨૬,૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સમગ્ર મામલે પેટલાદ ટાઉન પોલીસે પકડાયેલ તમામ આરોપીઓ સામે જુગાર ધારાની કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

આણંદના પંચાયતી રાજ પદાધિકારીઓ-સભ્યો માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ

પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડા અને રાજ્યકક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં સુશાસન અને ગ્રામીણ વિકાસ બાબતે માર્ગદર્શન અપાયું

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૩

આણંદ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના નવનિયુક્ત પદાધિકારીઓ તથા સદસ્યો માટે 'રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન' અંતર્ગત આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટીના બી.એ. કોલેજ ઓડિટોરીયમ હોલ ખાતે 'ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ' યોજાયો હતો. પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડાએ પંચાયતી રાજના નવનિયુક્ત પદાધિકારીઓ-સભ્યોને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિ તરીકે લોકોએ મૂકેલા વિશ્વાસને સાર્થક કરવો એ આપણી સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ. તમામ સરકારી ભંડોળનો સુચારુ, પારદર્શક અને આયોજનબદ્ધ ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જનપ્રતિનિધિ તરીકે પ્રજા સાથે સતત સંપર્કમાં રહેવું અનિવાર્ય છે, તેથી નાગરિકોના નાના-મોટા પ્રશ્નો સાંભળી 24 કલાક ફોન કે રૂબરૂ માધ્યમથી સંવાદ જાળવી રાખવો જોઈએ.

રાજ્ય નાણાંમંત્રી કમલેશભાઈ પટેલે નવનિયુક્ત પદાધિકારીઓને પ્રજાભિમુખ કામગીરી કરવા અને પંચાયતી રાજના માળખાને વધુ સુદ્રઢ બનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે છેવાડાના માનવી સુધી શાસનની કલ્યાણકારી યોજનાઓ પારદર્શક રીતે પહોંચાડવા, ગ્રામીણ કક્ષાએ શિક્ષણ, આરોગ્ય અને પાયાની સગવડો સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો. જનપ્રતિનિધિઓએ સન્નિષ્ઠ અને ઉત્તમ લોકસેવા દ્વારા જનવિશ્વાસ અર્જિત કરી ઉત્કૃષ્ટ શાસનનું ઉદાહરણ પૂરું પાડવા તેમણે જન પ્રતિનિધિઓને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સાંસદ મિતેશભાઈ પટેલે નવનિયુક્ત જિલ્લા પંચાયત તાલુકા પંચાયતના સદસ્યોને પોતાના વિસ્તારમાં શ્રેષ્ઠ કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

આ વેળાએ પ્રાસંગિક ઉદબોધન કરતા ડીડીઓ સુશ્રી દેવાહુતીએ સૌનો આવકાર કરતા કાર્યક્રમની રૂપરેખા વર્ણવી હતી. કાર્યક્રમના અંતે આભાર દર્શન જિલ્લા ખેતીવાડી અધિકારી ચિંતન પટેલે કર્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના કાર્યકારી પ્રમુખ જીલુભા સિંધા,ધારાસભ્ય હર્ષદભાઈ પરમાર વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225